# રક્તદાન વિશે થોડી પ્રાથમિક માહિતી

- સ્વસ્થ પુરુષમાં અંદાજિત ૪.૫ થી ૫ લીટર સુધી લોહી એટલે કે ૭૬ મીલી/કીલો તેમજ સ્વસ્થ સ્ત્રીમાં ૪ થી ૪.૫ લીટર સુધી લોહી અને ૬૬ મીલી/કીલો હોવું જોઇએ.
- ફક્ત ૩૫૦ મીલી લોહી લેવામાં આવે છે. દા.ત. ૬–૮ મીલી/કિલો કે જે લોહીના કુલ પ્રમાણથી ૧૦% કરતા પણ ઓછું હોય છે.
- લોહી આપનારના શરીરમાં ફક્ત ૪૮ કલાકમાં આ લોહીની પુર્તી થઇ જાય છે તેમજ લાલ રક્તકણની પુર્તી થવામાં લગભગ ૨૧ દિવસ લાગે છે.
- **રક્તદાન કોણ કરી શકે છે?**

કોઇપણ સ્વસ્થ વ્યક્તિ કે જેનું વજન ૪૫ કીલોથી વધારે તેમજ હિમોગ્લોબીન ૧૨.૫ ગ્રામ પ્રતિ ૧૦૦ મીલી અને ૧૮ થી ૬૦ વચ્ચેની ઉંમરવાળા કોઇપણ વ્યક્તિ રક્તદાન કરી શકે છે.

**નીચે દર્શાવેલ લક્ષણો ના હોવા જોઇએ.**

૧) છેલ્લા અઠવાડિયામાં તાવ ન આવ્યો હોવો જોઇએ.
૨) છેલ્લા ત્રણ મહિનામાં મલેરીયા ન થયેલો હોવો જોઇએ.
૩) છેલ્લા બે દિવસમાં કોઇ દવા નહિ લીધેલ હોવી જોઇએ.
૪) ઝીણો તાવ તેમજ શરદી, માથાનો દુઃખાવો, ખાંસી થયેલ ન હોવા જોઇએ.
૫) છેલ્લા એક વર્ષમાં કમળો થયેલો ન હોવો જોઇએ.
૬) ઉંચુ બ્લડપ્રેશર ન હોવું જોઇએ. સામાન્ય હોવું જોઇએ.
૭) હૃદય રોગ તેમજ તેને લગતા અન્ય રોગ ન હોવા જોઇએ.
૮) મોટાં ઓપરેશન ના ૬ મહિના પછી અને નાનાં ઓપરેશન ના ૩ મહિના પછી, જો સુધારો આવી જાય તો લોહી આપી શકાય છે.
૯) એકવાર લોહી આપ્યા બાદ પુરુષ ૩ મહિના પછી અને સ્ત્રી ૪ મહિના પછી લોહી આપી શકે છે.
૧૦) (ટીબી) ક્ષય તેમજ રક્તપિત્ત ન હોવો જોઇએ.
૧૧) એઇડ્સ, એચબીવી અને એચસીવી પોઝીટીવ ન હોવા જોઇએ.
૧૨) સ્ત્રીઓ માસિક ધર્મ દરમિયાન રક્તદાન ન કરી શકે.
૧૩) જે પુરૂષ એક કરતા વધારે વ્યક્તિઓ સાથે શારીરિક સંબંધ ધરાવતો હોય તે રક્તદાન ન કરી શકે.
૧૪) કેન્સર રોગવાળી વ્યક્તિ રક્તદાન ન કરી શકે.
૧૫) લીવર અને કીડનીનો રોગ ના હોવો જોઇએ.

**શા માટે લોહી આપવું જોઇએ?**

- લોહી આપવાથી ઘણી જીંદગીઓ બચાવી શકાય છે. ખાસ કરીને અકસ્માતના સમયે જ્યારે લોહીની ખુબ જરૂર હોય છે.
- ફક્ત મનુષ્ય જ લોહીનો એકમાત્ર સ્ત્રોત છે.
- યાદ રાખો, કોઇપણ સમયે કોઇ ને પણ લોહીની જરૂર પડે છે જેમાં તમારો તેમજ તમારા સગાસંબંધીનો પણ સમાવેશ હોઇ શકે છે.
- નિયમિત રક્તદાન હૃદયરોગ થી થતી બીમારીનું પ્રમાણ ઓછું કરે છે અને બિનજરૂરી અને વધારાનું જમા થયેલ લોહતત્વ ઓછું કરે છે.

**શું લોહી આપવાથી કોઇ આડઅસર થાય છે?**

- ના, ક્યારેય પણ નહી, હંમેશા રક્તદાન કરનાર વ્યક્તિને પુછો.
- એવી પણ વ્યક્તિઓ છે કે જેઓએ તેમની જીંદગીમાં ૧૦૦ થી પણ વધુ વાર રક્તદાન કર્યું છે. રક્તદાન મહાદાન છે.

**કેટલીવાર લોહી આપી શકાય છે?**

- પુરુષ દર ત્રણ મહિના પછી
- સ્ત્રી દર ચાર મહિના પછી.

**લોહી આપ્યા પછી શું ખાઇ શકાય છે?**

પ્રવાહી જેમ કે, ચા, કોફી, ઠંડા-પીણા, જ્યુસ તેમજ બીસ્કીટ. ચા/કોફી અને બીસ્કીટ રક્તદાન કેન્દ્ર પર ઉપલબ્ધ હોય છે.

**શા માટે નિયમિત રક્તદાન કરવું જોઇએ?**

- જરૂરી લોહીની અછત દૂર કરવા મનુષ્ય જ લોહીનો એકમાત્ર સ્ત્રોત છે.
- વ્યાપારિક અથવા તો વેચાણકરતા દાતાઓ કે જેનાથી એઇડ્સ, હીપેટાઇટીસ બી, હીપેટાઇટીસ સી, સીફીલીસ, મલેરીયા જેવી બિમારીઓના ફેલાવની સંભાવના વધી જાય છે, તે પ્રવૃત્તિને રોકવા માટે.
- રક્તદાન આપણી સામાજીક જવાબદારી છે અને આપણે આગળ આવીને રક્તદાન કરવું જોઇએ.

**શું રક્તદાન કરવાથી એઇડ્સ અને હીપેટાઇટીસ જેવા રોગ થઇ શકે છે?**

આ અશક્ય છે કારણકે રક્તદાન કરતા વખતે એકવાર ઉપયોગ થયેલી હોય તેવી સોય બીજી વાર ઉપયોગ કરવામાં આવતી નથી.

**રક્તદાન કરવાની પ્રક્રિયા શું છે?**

- તમારે રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનું રહેશે.
- તમારી શારીરિક ચેકઅપ કરવામાં આવશે અને હીમોગ્લોબીનનો ટેસ્ટ કરવામાં આવશે.
- સ્પીરીટ આયોડીનથી તમારા હાથના જે ભાગમાંથી રક્ત લેવાનું છે તે ભાગને જંતુરહિત કરવામાં આવશે.
- પછી તમારે પલંગમાં સુઇ જવાનું હોય છે. માત્ર ૮ થી ૧૦ મીનીટમાં રક્ત લેવાની પ્રક્રિયા પૂર્ણ થાય છે.
- હાથમાં જે જગ્યાએથી લોહી લીધું હોય ત્યાં પ્રેશર બેન્ડેજ બાંધવામાં આવે છે કે જે ૩-૪ કલાક સુધી બાંધી રાખવો પડે.
- રક્ત આપ્યા પછી તમને ચા/કોફી અને બિસ્કીટ આપવામાં આવશે. તેમજ સર્ટીફીકેટ અને બ્લડ ગ્રુપનું કાર્ડ પણ આપવામાં આવશે.
- તમારા એક વખતના રક્તદાનથી તમે ત્રણથી ચાર લોકોનું જીવન બચાવી શકો છો.
- દર ૯૦ થી ૧૨૦ દિવસ બાદ તમે ફરીવાર રક્તદાન કરી શકો છો. અંતે તમે એવો સંતોષ અનુભવશો કે તમે તમારા રક્તદાન દ્વારા કોઇને મદદ કરી રહ્યા છો.

**બ્લડ બેંક શું કરે છે?**

- જે રક્તદાન કર્યું હોય તેનું એઇડ્સ, હીપેટાઇટીસ બી, હીપેટાઇટીસ સી, સીફીલીસ, મલેરિયા જેવા રોગો માટેનું પરિક્ષણ કરવામાં આવે છે.
- તમે જે રક્તદાન કર્યું હોય તેમાં જો કોઇ રોગ જાણવા મળે તો તે લોહીને ઉપયોગમાં લેવામાં આવતું નથી.
- ઉપર મુજબ લોહીની તપાસ કર્યા પછી જો ફક્ત સ્વસ્થ જણાય તો એને ૪૨ દિવસ માટે એસએજીએમ સાથે, ૩૫ દિવસ માટે સીપીડીએ માં ૨-૬ ડીગ્રી તાપમાન પર બ્લડ સ્ટોરેજ કેબિનેટમાં રાખવામાં આવે છે.
- કમ્પેટીબીલીટી ટેસ્ટીંગ કર્યા પછી એસએસજી/સરકારી દવાખાનામાં દાખલ કરાયેલ ગરીબ દર્દીઓને મફત લોહી પુરું પાડવામાં આવે છે.
- ખાનગી દવાખાનામાં જે દર્દીઓ દાખલ કરાયેલા છે તેમને યુનીટ દીઠ રૂા.૨૫૦/- ના ચાર્જથી આપવામાં આવે છે.
- થેલિસીમીયા અને હેમોફીલિયાના દર્દીને યુનીટ દીઠ રૂા.૧૨૫/- ના દરથી આપવામાં આવે છે.
- આને તમે લોહીનું વેચાણ ના ગણી શકો. જે કાંઇ સામાન્ય ખર્ચ લોહી એકઠું કરવા તથા ટેસ્ટ કરવા થાય તે પેટે આ ચાર્જ લેવાય છે.
- સંપૂર્ણ લોહીને તેના ભાગ જેવા કે આરસીસી, પીસી, એફએફપી અને સીપી માં અલગ કરવામાં આવે છે. જેથી રક્તનું એક યુનિટ ત્રણ થી ચાર દર્દીઓની જરૂરિયાત પૂરી પાડી શકે છે.

**ફ્રેન્ડ્ઝ સોસાયટી :** **૧૯૭૦ થી યુનિવર્સિટી કેમ્પસ, ઉદ્યોગો, ઓફિસો, સમાજમાં નાગરિક રક્તદાન સમિતિ અને એસએસજી હોસ્પિટલ, બ્લડ બેંકના સહયોગથી સ્વૈચ્છિક રક્તદાન કેમ્પોનું આયોજન કરે છે.**

**સંપર્કઃ પેટીટ લાયબ્રેરી, કલ્યાણ કાફેની સામે, ફતેહગંજ મેઇન રોડ, વડોદરા-૩૯૦૦૦૨. ફોનઃ ૨૭૯૧૬૨૯**

જો આપ ઇચ્છો તો અમારા સ્વયંસેવકો (વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ) તમારી પાસે રૂબરૂ આવીને સંભવિત રક્તદાતાઓને રક્તદાન વિષે વાર્તાલાપ આપવા, રક્તદાન વિષે સમજાવતા ચિત્રો કે સ્લાઇડ શોના માધ્યમથી માહિતિ આપવા હંમેશા તત્પર રહેશે.